# ગુજરાતી

## (207)

### TUTOR MARK ASSIGNMENT

**NOTE:** **MARKS: 20**

**નોધ :** **માર્ક્સ : 20**

(1) **બધા જ પ્રશ્નો ફરજીયાત છે દરેક પ્રશ્નના માર્ક્સ જમણી બાજુ દર્શાવેલ છે.**
(2) **પહેલા પેજમાં તમારું નામ , એનરોલમેંન્ટ નંબર ,AI CENTER નું નામ અને વિષય લખો.**

**પ્રશ્ન : 1 કોઈ પણ એક પ્રશ્નનો આશરે 4-6 લીટીમાં જવાબ લખો.**

**( ગુણ - ૨ )**

અ. નરસિંહમહેતા ની કૃષ્ણ ભક્તિ કાવ્યમાં કેવી રીતે પ્રગટ થઇ છે એ જણાવો

( પાઠ – ૧ )

બ. પતંગિયું અને ચંબેલીના સમન્વયથી પરી કેવી રીતે બની તે વાત ટૂંકમાં લખો.

( પાઠ – ૧૮ )

**પ્રશ્ન : 2 કોઈ પણ એક પ્રશ્નનો આશરે 4-6 લીટીમાં જવાબ લખો.**

**( ગુણ – ૨ )**

અ. યાત્રાધામ પ્રયાગરાજનું મહત્વ શું છે ?

( પાઠ - ૧૩ )

બ. 'કસોટી' પાઠમાં ઊપસતું ગાંધીજીનું વ્યક્તિત્વ લખો.

( પાઠ – ૨૯ )

**પ્રશ્ન : 3 કોઈ પણ એક પ્રશ્નનો આશરે 4-6 લીટીમાં જવાબ લખો.**

**( ગુણ – ૨ )**

અ. નીચે આપેલા ફકરાનો સાર લખો.

વાદળાં અને સમુદ્ર બંને વિશાળ છે બંનેનો સહયોગ છે વાદળાં વરસીને દુનિયાને પાણી આપે છે અને મોજાં ઓ તપ તપીને વાદળાં ને પુષ્ટ કરે છે. આમ તેઓ બંને સનાતન યજ્ઞ ચલાવે છે. છતાં દરેક નો સ્વભાવધર્મ જુદો તે જુદો જ . જો કોઈ વાદળાં ને કહે કે સમુદ્ર જોડે સહકાર કરવા તમે સમુદ્રની અંદર આવી રહી જાઓ, તો તે શું બનવા જોગ છે? તેથી શું દુનિયાને લાભ થશે ? વાદળાં નું વાદળાપણું મટી જશે અને સમુદ્રને કશું જ લાભ નહીં થાય . દરેક પોતાને ઠેકાણે યોગ્ય છે. દરેક પોતાનો સ્વભાવધર્મ સાચવીને જ બીજાને મદદ કરી શકે છે. વિવેક ખાતર એકબીજાનું અનુકરણ ભલે કરે, સમુદ્ર કોક કોક વખત શાંત પડીને ભલે વાદળાંનું પ્રતિબિંબ દેખાડે અથવા તો ક્ષુબ્ધ થઇને ભલે વાદળાંનો રંગ ધારણ કરે. વાદળાંઓ પણ ભલે કોઈક કોઈક વાર સમુદ્રનાં મોજાં જેવો આકાર બનાવે પણ બંને જુદા તે જુદા જ. અને જુદા છે માટે જ સહકાર કરી શકે છે. એક પાસે છે તે બીજા પાસે નથી એવી સ્થિતિ હોય અને બંનેને એકબીજાની જરૂર હોય, ત્યારે જ પરસ્પર

પોષક સહકાર થઈ શકે છે.કુદરતમાં સર્વત્ર એક જ નિયમ છે. માણસ સમજે તો મનુષ્ય - સમાજ માટે પણ એ જ નિયમ કરી શકે છે પણ તેમ કર્યા પછી યુદ્ધો સી રીતે થાય ?

( પાઠ – ૩૧ )

બ. ગુજરાતી સાહિત્યમાં પ્રાચીન , મધ્યકાલીન અને અર્વાચીનકાળમાં વિવિધ ભાષાકીય સ્વરૂપોનો વિકાસ થયો. પદ્ય સ્વરૂપોમાં થયેલ વિકાસની વિગતો નીચે આપેલી છે. "વૃક્ષ" આલેખમાં તે વિગતો દર્શાવો.

પ્રાચીન : ફાગ,રાસ,પ્રબંધ

મધ્યકાલીન : પ્રભાતિયા, ભક્તિપદ,છપ્પા,આખ્યાન,ગરબી

અર્વાચીન : ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય,સોનેટ, ગઝલ, મુસ્તક, હાઇકુ

( પાઠ – ૩૨ )

**પ્રશ્ન – ૪  કોઈ પણ એક પ્રશ્નનો આશરે 20-30 લીટીમાં જવાબ લખો.**

**( ગુણ - ૪ )**

અ.  મોંઘવારી વિષય પર અહેવાલ લખો.

( પાઠ – ૭ )

બ. ' સિદ્ધિ તેને જઈ વરે,જે પરસેવે ન્હાય."  વિચાર-વિસ્તાર લખો.

( પાઠ – ૮ )

**પ્રશ્ન – ૫  કોઈ પણ એક પ્રશ્નનો આશરે 20-30 લીટીમાં જવાબ લખો.**

**( ગુણ – ૪ )**

અ.  નીચે આપેલ મુદ્દાઓ ને આધારે વાર્તા લખો.

ઉનાળાના દિવસો – તરસ્યું શિયાળ – કૂવામાં કુદી પડવું – બહાર નીકળવાનું અશક્ય – બકરાનું આવી ચઢવું – શિયાળે શરુ કરેલાં પાણીનાં વખાણ – બકરાનું લલચાવું – કૂવામાં કૂદવું – બકરાની પીઠ પર ચઢી શિયાળનું કૂવામાંથી બહાર કૂદી પડવું – બકરાની દશા -  બોધ

( પાઠ – ૧૫ )

બ.  તમારી વર્ષગાંઠને દિવસે તમારા મિત્રને તમારે ત્યાં જમવા માટે આમંત્રણ આપતો પત્ર લખો

( પાઠ – ૧૬ )

**પ્રશ્ન – ૬  કોઈ પણ એક પ્રશ્નનો આશરે 20-30 લીટીમાં જવાબ લખો.**

**( ગુણ – ૬ )**

અ.  ચાંદની રાત્રે નૌકાવિહાર

( પાઠ – ૨૩ )

બ.  ચલચિત્રોની સમાજ પર અસર

( પાઠ -૨૪ )